R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 04 DATE: 25-01-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## નોર્થ કોરીયા ધાર્મિક સતાવણીના ઓપન ડોર વર્લ્ડ વોચ લીસ્ટમાં પ્રથમ સ્થાને



નોર્થ કોરીયાએ ખ્રિસ્તીઓની કરાતી સતાવણીમાં દુનિયામાં પ્રથમ નંબર ઓપન ડોરના લીસ્ટ મુજબ જાળવી રાખ્યો છે.આ ૧૨મું વર્ષ છે કે જેમાં સતત નોર્થ કોરીયાએ વિશ્વમાં તેમનો ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં પ્રથમ નંબરનો ક્રમ બારમા વર્ષે પણ જાળવી રાખ્યો છે.લગભગ ૫૦ હજારથી ૭૦ હજાર લોકો સતાવણી ના કેમ્પમાં રાખવામાં આવ્યા છે.લેબર કેમ્પ,પ્રીઝન્સ,પ્રીઝન્સ કેમ્પ એવા જુદા જુદા નામો છે જેમાં ખ્રિસ્તીઓને ગોંધી રાખવામાં આવ્યા છે. જોકે એવું અંદાજીત મનાય છે કે હજુ પણ નોર્થ કોરીયામાં આટલી બધી સતાવણી બાદ ચાલ લાખ લોકો વિશ્વાસુ છે અને ખાનગી કે જેને અંડરગ્રાઉન્ડ ચર્ચો કહેવાય છે તેમા ભાગ લે છે.

કીમના કુટુંબે ખ્રિસ્તીઓ પર સતાવણી કરવામાં કોઈ કમી રાખી નથી.કોઈ વ્યક્તિ જો બાયબલ સાથે પણ પકડાય તો પણ તેમને આજીવન કારાવાસમાં ધકેલી દેવામાં આવે છે.એવું કહેવાય છે કે ત્રીજી પેઢી કદાચ જેલવાસમાંથી છુટકારો મેળવી શકશે.આ વર્ષે ઓપન ડોર યુએસએ,પ્રેસિડેન્ટ,સીઈઓ ડો.ડેવીડ કેરીએ જણાવ્યું હતું કે વિશ્વમાં સૌથી મોટા પ્રમાણમાં ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં આવી રહી છે.

## ઈરાનમાં એસેમ્બલી ઓફ ગોડના પાસ્ટર અને મીનીસ્ટરનો જેલમાંથી છુટકારો

મોહબત ન્યુઝના જણાવ્યા પ્રમાણે ફરહાદ સબોકરુહ,પાસ્ટર,એસેમ્બલી ઓફ ગોડ ચર્ચ, એહવાઝ અને નાસર જમીન ડીજફુલી, ચર્ચ મિનિસ્ટરને ૨૩ મી ડિસેમ્બર,૨૦૧૧ ના રોજ ઈરાનીયન સીક્યુરીટી દ્વારા પકડવામાં આવ્યા હતા.તેમણે નાતાલની ઉજવણી કરી રહેલ એસેમ્બલી ઓફ ગોડ ચર્ચ, એહવાઝ ખાતે રેડ પાડી હતી અને ત્યાં હાજરની ધરપકડ કરી હતી.ધરપકડ કરાયેલ તમામને બે બસોમાં બેસાડીને અજ્ઞાત જગ્યાઓ પર લઈ જવાયા હતા.ધરપકડ કરાયેલ તમામની ઉલટ તપાસ કરવામાં આવી હતી તેમની સંપુર્ણ માહિતી લઈને તેમને ધમકાવવામાં આવ્યા હતા.મોહબત ન્યુઝના જણાવ્યા પ્રમાણે સબોકરુહ અને તેમના પત્ની શાહનાઝ જયઝાન અને ચર્ચ મિનિસ્ટર. નાસર જમીન ડીઝફુલી અને ડેવીડ અલીજાનને જેલમાં પુરી દેવામાં આવ્યા હતા.તેમની પર ઈસ્લામ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં ધર્મપરિવર્તન કરવાનો ગુનો નોધવામાં આવ્યો હતો.તેમાં મુસ્લીઓને ખ્રિસ્તી બનાવવા ખ્રિસ્તી ધર્મનો પ્રસાર અને પ્રચાર કરી રહ્યા હોવાનો પણ ગુનો નોધ્યો હતો.

જો કે ત્યારબાદ એહવાઝની રીવોલ્યુએશનરી કોર્ટે આ બધાને એક વર્ષની સજા કરી હતી.ડેવીડ અલીઝાનની ધરપકડ મે ૧,૨૦૧૩મા થઈ હતી તેથી તેમને તેમની સજા પુરી કરવાની રહેશે.

## શ્રીલંકામાં બુધ્ધિષ્ઠો દ્વારા ચર્ચો પર હુમલાઓ કરી તેને તોડી પડાય છે.



હિક્કાદુવા, નાનું દરિયા કિનારાનું સાઉથ શ્રીલંકામાં આવેલ ગામના ચર્ચ ઉપર બોધ્ધ સાધુઓ અને તેમના સાથીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.નજરે જોનારાના જણાવ્યા મુજબ ટોળાની નેતાગીરી બોધ્ધ સાધુએ લીધી હતી.એસેમ્બલી ઓફ ગોડ ચર્ચ અને કાલવરી ફ્રી ચર્ચ ઉપર હુમલો કરીને ત્યાં પ્રાર્થના માટે એકત્રીત થયેલ લોકોને ધમકી આપી હતી.તેમજ ચર્ચની માલમિલક્તને તોડી પાડવામાં આવી હતી.એસેમ્બલી ઓફ ગોડ ચર્ચના લીડરે આપેલ રીપોર્ટ પ્રમાણે પોલીસે અહીયા ઉપસ્થિત બિલીવર્સને ચર્ચ બિલ્ડીંગની પાછળથી પાડોશીઓના ઘરોમાં જતા રહેવા જણાવ્યું હતું.અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ કે અમારામાંથી કોઈને શારીરીક ઈજા પહોચી નહોતી કે કોઈનો જાન ગયો નહોતો.ક્રીસ્ટલ ઓરટીઝ એસેમ્બલી ઓફ ગોડ વર્લ્ડ મિશન કે જેઓ તેમના માટે લખે છે તેમણે જણાવ્યું હતું કે બુધ્ધ સાધુઓના મતે આ ચર્ચ ગેરકાયદેસર છે અને તેથી તેને બંધ કરવામાં આવે.જ્યારે અહીયા પ્રાર્થના માટે આવેલા લોકોના જણાવ્યા મુજબ આ જગ્યામાં ૧૯૯૭થી તેઓ પ્રાર્થના કરવા એકઠા મળે છે.બેઉ ચર્ચોને ભારે માત્રામાં નુકશાન પહોચાડાયું છે.જો કે પોલીસે જણાવ્યું હતું કે તેઓ તેમને રક્ષણ આપશે અને સલાહ આપી હતી કે તેઓ તેમની પ્રાર્થના સર્વીસ ચાલુ રાખે.પોલીસની સંખ્યા હુમલાખોરોની સંખ્યાથી ઘણી ઓછી હતી કે તેઓ હુમલાને ખાળી શકે.બીબીસી ન્યુઝ પ્રમાણે શ્રીલંકા એસેમ્બલી ઓફ ગોડના જણાવ્યા પ્રમાણે વકીલો પોલીસ સાથે વિચારવિમર્સ કરી રહ્યા છેજેથી કરીને હાલની ગંભીર પરિસ્થિતિમાંથી માર્ગ નીકળી શકે.પરંતુ હજુ ટેન્શન આ વિસ્તારમાં યથાવત છે.મળેલ માહીતી ચોક્કસ નથી પરંતુ માહિતી મુજબ જ્યારે પ્રાર્થના ચાલુ હતી ત્યારે બુધ્ધિષ્ઠો દ્વારા હુમલો કરવામાં આવ્યો જે ફોજદારી ગુનો બને છે.પોલીસ હુમલો ખાળી શકી નહોતી.

ડો.જ્યોર્જ વુડ,જનરલ સુપ્રી.ઓફ ધ એસેમ્બલી ઓફ ગોડ અને ચેરમેન,વર્લ્ડ એસેમ્બલી ઓફ ગોડ ફેલોશીપ આ ઘટનાને ટાંકતા જણાવ્યું હતું કે હું ડબલ્યુએજીએફના તમામ વિશ્વાસુઓને વિનંતી કરુ છું કે તેઓ શ્રીલંકામાં ચાલી રહેલ સતાવણી બાબતે પ્રાર્થના કરે કે જેથી તેના વિશ્વાસુ લોકોની સતાવણી બંધ કરાય.જો કે શ્રીલંકાનું બંધારણ કોઈપણ ધર્મને માનવાનો કે પાળવાની સ્વતંત્રતા આપે છે.

પોલીસ પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ટોળામાં ૨૪ વ્યક્તિઓ હતા અને જેમાં ૮ જેટલા બૌધ્ધ સાધુઓ પણ હતા.તેમને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેમના નામ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા છે.આ ઉપરાંત આ બાબતે સમગ્ર ઝીણવટભરી તપાસ કરીને તેનો રીપોર્ટ રીલીજીયસ એફેર્સ મિનિસ્ટ્રીને આપવામાં આવશે.આપણે પ્રાર્થના કરીએ કે જેઓ વિશ્વાસુ છે તેમના વિશ્વાસને ઈશ્વર ટકાવી રાખે.તેમને ઈશ્વરની કૃપાની જરુરીયાત છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

દિલ્હીમાં આપની સરકાર કોગ્રેસના ટેકાથી રચાઇ.બીજેપી સરકાર રચવાની નહોતી.પરંતુ જો બીજેપી સરકાર રચી દે તો કોગ્રેસની વધીઘટી ઈજ્જત પાણીમાં જાય. તેથી તેમણે આપ ને ટેકો કરવાનું નક્કી કર્યુ.કોગ્રેસે એવું વિચાર્યું હતું કે જનતાના પ્રશ્નો એટલા બધા છે કે તેને સુલઝાવવામાં આપનો સમય વિતી જશે અને ત્યાં સુધી લોકસભાની ચુંટણીઓ આવી જશે.અને પછી આપણે આપણી બીજી સોગઠી મારીશું. પરંતુ હાલમાં જે બની રહ્યું છે તે બાબતે કોગ્રેસને ઉચીં નીચી કરી દીધી છે.

અરવિંદ કેજરીવાલે પોલીસ તંત્રમાંથી કેટલાક તેમના વિરોધીઓને દુર કરવાનું પુછડું પકડયુ છે.હવે સરકાર તેમને બદલી કરી શકે નહી તેથી આપ રસ્તા પરથી આંદોલન ચલાવતાં ચલાવતા સરકાર ચલાવશે.એક રીતે કહીએ તો આપે હવે દિલ્હીને બાનમાં લીધુ છે.મોટાભાગના લોકોમાંથી આપની અસર ઓછી થતી દેખાઈ આવી રહી છે.આંદોલન કરવું સહેલું છે, પરંતુ સરકાર ચલાવવી અઘરી છે.બ્યુરોકેટ્સ તરીકે ઓફિસમાં બેસીને બાબુઓને દમ મારી કામ ચલાવવું સહેલું છે. રાજકારણમાં વિરોધીઓના પાટલે બેસીને કામ કરવું લોઢાના ચણા ચાવવા જેટલું કઠિન છે.હવે લોકો ક્યાં સુધી તેમની સાથે રહે છે તે જોવુ રહ્યું. ૨૬મી જાન્યુઆરી, આપણા દેશ માટે મહત્વનો દિવસ છે તેમાં આપ વિધ્નો ઉભા કરશે તો તેઓને બળજબરીથી હઠાવવા પડશે.પરંતુ તેમ કરવામાં સરકાર હજુ પણ રાહ જોઈ રહી છે. કંઈક સમાધાન શક્ય બને,પરંતુ કેજરીવાલની જીદ જોતા પ્રશ્ન ગંભીર બની જશે તેમ લાગે છે.આજ પરિસ્થિતિ ચાલુ રહી તો દેશ માટે તે ખુબજ અરાજકતા લાવી શકે છે. ભાજપ સત્તા માટે કંઈ પણ કરવા તૈયાર છે અને કોગ્રેસ સત્તા ગુમાવવા તૈયાર નથી.જંગ ખરાખરીનો થાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

આપના કોઈ મંત્રી દિલ્હીની કેટલીક વસ્તીઓમાં જઈને રેડ પાડીને વિદેશીઓને હેરાન પરેશાન કર્યા હોવાની વાત બહાર આવી છે. વિદેશી દુતાવાસઓએ આ બાબતે ગંભીર રજુઆતો કરી છે.શેરીઓમાં આંદોલન કરવા અને વિદેશી નાગરિકોને હેરાન પરેશાન કરવા એ બે બાબતો અલગ છે.તમારી હરકતોથી દેશની પ્રતિભા જોખમાય તે કેમ ચાલશે.આપની રાજકીય પુખ્તતા આવી નથી જે આ બાબત ઉપરથી સ્પષ્ટ થાય છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૮)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨૯૦ | એમએસડબલ્યુ.(અંગ્રેજી માધ્યમ)એમબીએ ચાલુ. | ૩૦-૭-૮૭ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૯૧ | જીએનએમ | ૨૮-૧૦-૮૮ | ૮૫૦૦ | મેથો. | કુંવારા |
| ૨૯૨ | બીકોમ.અંગ્રેજી માધ્યમ.ડીપ્લો.ફાઇ.એમબીએ. | ૧૮-૯-૮૫ | ૧૮૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૩ | એમબીએ,ઈન્ટ.બીઝનેસકોર્ષ,આઈસીએફએઆઈ | ૩૧-૭-૭૯ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૯૪ | એમએસસી.ઓર્ગે.કેમે. | ૧૩-૮-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૯૫ | બીકોમ.ડીપ્લો.સીવીલએન્જી. | ૨૩-૫-૮૭ | ૩૫૦૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૧૭૭ | બીકોમ,ડીપ્લો.પરચેઝ ડીપાર્ટ. | ૧૫-૧૦-૮૩ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૩ | ૧૦પાસ | ૧૫-૪-૬૬ | ૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૪ | બી.એ. | ૧૫-૯-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૫૯૫ | બી.ઇ.ઇલેક્ટ્રીકલ્સ એન્જી. | ૨૦-૯-૭૬ | ૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૬ | ૧૨ પાસ | ૧૯-૧-૮૨ | ૧૫૦૦૦ | આઇ.પી. | કુંવારા |
| ૫૯૭ | બીએ. આઈટીઆઈ રેફ્રી.એસ.આઈ કોર્ષ ૧વર્ષ | ૧૦-૯-૭૭ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૮ | ૧૨ પાસ | ૯-૬-૮૬ | ૬૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૯ | એમ.એસ.ઓફીસ | ૨૯-૧૧-૮૬ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૦૦ | ૧૦ પાસ ,ટેલી.કોમ્પુ.ઓપરેટર | ૧૩-૮-૮૨ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૬૦૧ | ૧૦નાપાસ | ૫-૨-૮૦ | ૧૦૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૦૨ | પીટીસી.બીએ.એચ.ટાટા પાસ | ૨૬-૧૨-૮૫ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૦૫ | ૧૦ પાસ.આઈટીઆઈ જનરલ મીકેનીક | ૧૬-૬-૭૪ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૦૬ | બી.કોમ | ૧-૮-૫૭ | ૩૦૦૦૦ | સીએનઆઈ | વિધુર |
| ૨૦૭ | ૧૨ પાસ.એક્ષરે ટેક. | ૩૧-૭-૮૧ | ૧૦૫૦૦ | આર.સી. | છુટાછેડા. |
| ૨૦૯ | ગ્રેજ્યુએટ | ૨૯-૧૧-૮૨ | ૧૫૦૦૦ | આર.સી. | છુટાછેડા. |
| ૨૧૦ | બેચલર ઓફ ફાર્મસી.મેનેજ.માર્કેટીંગ | ૧૨-૫-૭૮ | ૭૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૧૧ | ૧૨ પાસ | ૨૫-૭-૭૬ | ૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૧૨ | ૧૨ પાસ | ૨૯-૯-૮૩ | ૧૦૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૨૮) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯૪ | બીએસસી નર્સીંગ.એમએસસી નર્સીંગ ચાલુ. | ૬-૯-૮૬ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૫ | બીએસસી.એમ.બી.એ. | ૨૩-૭-૮૩ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૬ | જીએનએમ દોઢ વર્ષ | ૮-૩-૮૬ | ૯૫૦૦ | સાલ્વે.આર્મી | કુંવારા |
| ૨૯૭ | એમબીએ(ઓસ્ટ્રેલીયા) | ૨૦-૯-૮૭ | ૧૮૦૦૦ | સાલ્વે.આર્મી. | કુંવારા |
| ૨૯૮ | બીએસસી. બી.એડ.ઈગ્લીસ વિષય | ૯-૯-૬૯ | ૧૪૨૫૦ | સાલ્વે. | કુંવારા |
| ૩૯૧ | ૧૨ પાસ. | ૧-૬-૮૬ | ૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૯૨ | બીએ.બીએડ.એમ.એ.એમ.ફીલ. | ૬-૧૦-૮૫ | ૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૯૩ | બીકોમ.પીજીડીસી.સ્ટેનો.સેક્રેટરી કોર્ષ | ૨૫-૩-૮૧ | ૯૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૪ | બીએ.બીએડ. ગુજરાતી | ૨૮-૬-૮૬ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૫ | ૧૨ પાસ.૧ વર્ષ નર્સીંગ | ૧૬-૧૦-૯૧ | - | સાલ્વે.આર્મી. | કુંવારા |
| ૩૯૬ | ૧૨ પાસ.૬માસ નર્સીંગ કોર્ષ | ૩૦-૮-૮૪ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૭ | ૧૨ નાપાસ.નર્સીંગ ૬માસ.પાર્લર,કોમ્પ્યુ.કોર્ષ | ૬-૫-૭૧ | - | સાલ્વે.આર્મી | કુંવારા |
| ૩૯૮ | ૧૨પાસ. વિકલાંગ | ૩-૯-૭૯ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૯ | બીએસસી.હોમસાયંસ | ૨૪-૬-૮૫ | - | સાલ્વે.આર્મી. | કુંવારા |
| ૪૦૦ | પીટીસી.બીએ. | ૬-૧-૯૦ | - | આર.સી. | કુંવારા |
| ૨૨૨ | ફીજીયોથેરાપીસ્ટ(અમેરીકા) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૨૭ | બીબીએ.સી.એ. ચાલુ. | ૧૩-૧૧-૮૨ | ૬૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૨૯ | એએનએમ.જીએનએમ. ચાલુ. | ૧-૩-૭૭ | ૧૩૫૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૩૯ | માસ્ટર ઈન પરફોર્મીંગ આર્ટસ | ૧૦-૧૧-૮૨ | - | અલાયન્સ | કુંવારા |
| ૨૦૩ | બીકોમ.ઈન્ફો.ટેકનો.સોફ્ટવેર | ૨૪-૭-૮૧ | ૮૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૬૧ | જીએનએમ | ૨૬-૪-૮૪ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૨૩ | એમ.એ.બીએડ.(ઈગ્લીસ) | ૨૮-૬-૮૬ | ૪૩૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૨૪ | ૧૨ પાસ | ૪-૧૧-૭૦ | - | મેથો. | છુટાછેડા |
| ૧૧૩ | બીએ.ફીઝીયોલોજી,કેરટેકર નર્સીંગ કોર્ષ | ૪-૧૧-૭૪ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૧૧૬ | એમ.એ.બી.એડ. | ૨૫-૧૦-૭૭ | ૧૦૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**
**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**
**નડીયાદનો સંપર્ક કરવો.**
તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે
E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**



## પુર્વ માલીમાં વસતા ખ્રિસ્તીઓના જીવનની અસલામતી મહસુસ કરે છે

પુર્વ માલીમાં રહેતા ખ્રિસ્તીઓની પરિસ્થિતિ વિકટ બની છે. તેઓને રવિવારની પ્રાર્થનાસભાઓને સ્કુલના કલાસરુમમાં રાખવી પડે છે કારણકે તેઓના ચર્ચો લુંટી લેવાયા છે.અને ચર્ચમાં પ્રાર્થના સભા યોજાય તો ત્યાં બોંબ નાખવાની સંભાવનાઓ રહેલી છે.મીલીટરી જીઓ વિસ્તારમાં ગસ્ત લગાવી રહીછે.તેમને રવિવારે સ્કુલની બહારથી બોંબની સામગ્રી મળી આવી હતી. ફ્રેન્ચ આર્મી દ્વારા આ બોંબને નિષ્કીય કરવામાં આવ્યો હતો.હવે સત્તાવાળાઓ આ બાબતે તપાસ કરી રહ્યા છે.પરંતુ આ ઘટનાને લીધે સમગ્ર ચર્ચના સભ્યો ભયબીત બની ગયા છે.

ચર્ચના પાસ્ટરની ઓળખ છુપાવવામાં આવી રહી છે કારણકે તેમની પર હુમલો થવાની સંભાવના રહેલી છે.તેવું વર્લ્ડ વોચ મોનીટરે જણાવ્યું હતું.અંહીયા દરેક બાબતમાં અસલામતી વ્યાપેલી છે.ગમેતે ક્ષણે અજુગતું બની શકે છે.ખ્રિસ્તી મંડળીના સભ્યો અસલામતી બાબતે કશું બોલવા તૈયાર નથી. તેઓ એવું કહે છે કે બોંબ ફુટં તો તે ખ્રિસ્તીને ઈજા નહી કરે તેવું કહી શકાય તેમ નથી.બોબ તમારી નજીકમાં જ છે.તમારુ ધાર્મિક સ્થળ જ્યાં હોય ત્યાં તે એકદમ નજીકથી બ્લાસ્ટ થઈ શકે છે.મીલીટરી આ સ્થળની નજીકથી જ પસાર થાય છે.એક વર્ષ થયું ફ્રેચ મીલીટરીને અહીયા આવ્યાથી.તોરાગ ઈસ્લામીક ગ્રુપ જેમણે નોર્થન માલી પર પોતાનો કબજો જમાવ્યો છે.અને તેમને પોતાને સ્વતંત્ર જાહેર કર્યા છે.અને આ પ્રદેશમાં તેઓ ઈસ્લામીક શરીયત કાયદો લાગુ કરવા માંગે છે.જેમાં જીઓ શહેરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.જાન્યુઆરી ૧૧ ગત વર્ષે,ફ્રેન્ચ ટ્રુપ આ વિસ્તારનો કબજો લેવા આવ્યું હતું.તેથી આ ઈસ્લામીક ગ્રુપે સાઉથ તરફ કબજો જમાવવા માટે પ્રયાસ શરુ કર્યો છે.

## ચુંટણીપંચની કવાયત શરુ

લોકસભાની આવનાર ચુંટણીઓ માટે ચુંટણી પંચે તેની કવાયત શરુ કરી દીધી છે.આ સંદર્ભે તમામ રાજકીય પક્ષોની બેઠક ૪ ફેબ્રુઆરીએ યોજવામાં આવનાર છે.જેમાં વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવશે.સંસદનું શિયાળુ સત્ર બોલાવાયું છે તેના એક દિવસ પહેલા આ બેઠક મળશે. વર્તમાન લોકસભાનો કાર્યકાળ ૧ જુને પુરો થઈ રહ્યો છે.રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતાપ્રાપ્ત ૬ પક્ષો ઉપરાંત ૪૭ પ્રાદેશિક પક્ષોના નેતાઓ આ બેઠકમાં હાજરી આપશે. ચુંટણી પંચ આ બેઠકમાં મતદાર યાદી,ચુંટણી મથક અને ચુંટણીની તારીખ વગેરે બાબતોની ચર્ચા કરશે.લોકસભાની ચુંટણી ફેબ્રુઆરીના અંત સુધીમાં કે માર્ચની શરુઆતમાં જાહેર કરવામાં આવશે.મોટેભાગે ૧૫ એપ્રિલથી ૧૫ મે દરમિયાન દેશભરમાં પાંચથી સાત તબક્કામાં ચુંટણી યોજાશે.આંધ્ર પ્રદેશ,ઓડિસા અને સિક્કિમમાં વિધાનસભાની પણ ચુંટણીઓ લોકસભાની ચુંટણી સાથે યોજાશે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ધાર્મિક સ્વાતંત્રતા માટેનું ૨૦૧૩નું વર્ષ ક્યુબા માટે ખરાબ રહ્યું છે



ધ એડવોકેસી ગ્રુપ ક્રિશ્ચિયન સોલીડારીટી વર્લ્ડવાઈડે ક્યુબાની નેતાગીરીને તેમના દેશમાં ધાર્મિક સ્વાતંત્રતા સ્થાપવા માટે અનુરોધ કર્યો છે.સીએસડબલ્યુના ચીફ એકઝીક્યુટીવ મેરવીન થોમસે જણાવ્યું હતું કે અમો ક્યુબામાં ધાર્મિક સ્વાતંત્રતાની સતત અવગણના થઈ રહી છે તે બાબતે ચિંતિત છીએ.ગત વર્ષે ક્યુબામાં દર રવિવારે ધાર્મિક સ્વાતંત્રતા જોખમાઈ હતી.તેમજ સરકારે ધાર્મિક સ્વાતંત્રતાનો સતત ભંગ થયો હતો તે સામે આંખ આડા કાન કર્યા હતા.સીએસડબલ્યુએ આ બાબતે ૧૮૫ જેટલા કેસોના રીપોર્ટ રજુ કર્યા હતા.૨૦૧૨માં આવા કેસોની સંખ્યા ૧૨૦ હતી.આ હિંસક ઘટનાઓમાં નિશાન બનાવાયેલા લોકો પૈકી કેથોલીક, બોપ્ટીસ, પેન્ટીકોસ્ટલ અનો મેથોડીસ્ટ સંપ્રદાયના ખ્રિસ્તી લોકો હતા.જે લોકો નિયમિત ચર્ચોમાં જતા હતા તેમને કોઈ પ્રકારના આક્ષેપો હેઠળ કેસો કરીને ચર્ચોમાં જતા રોકવામાં આવ્યા હતા.આ ઉપરાંત એવા અન્ય પણ રીપોર્ટ મળ્યા હતા જેમાં ખ્રિસ્તીઓને સતાવવામાં આવ્યા હતા તેમજ સ્ટેટ સીક્યુરીટી સર્વીસ દ્વારા ધાર્મિક સંસ્થાઓને ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી હતી.

સીએસડબલ્યુ દ્વારા જણાવાયું હતું કે આવું દબાણ રીલીજીયસ એફેર્સ ઓફ ધ સેન્ટ્રલ કમિટિ ઓફ ધ ક્યુબન કોમ્યુનીસ્ટ પાર્ટી તરફથી હતું.તેમનો ઈરાદો આ માટે એવો હતો કે આ ધાર્મિક સંપ્રદાયના લોકોમાં એવી ધાક ઉભી કરવી જેથી તેઓ લોકશાહી ઢબે વિચારી શકે નહી.તેથી સેન્ટ્રલ ગર્વ.ને ચર્ચો પર કાબુ મેળવવામાં કોઈ પણ પ્રકારની તકલીફ પડે નહી.જે લોકો સરકારને પડકારે નહી અને જો તેમ કરવામાં આવે તો સરકાર તેમને કાયદા હેઠળ બંધ કરી શકે.આ પ્રકારના માનવ અધિકારોનું હનન આ વર્ષના અંત સુધી ચાલુ રહ્યું હતું.૨૦મી ડિસેમ્બરે છ ખ્રિસ્તી વ્યક્તિઓને કે જેઓ પ્રોટેસ્ટંટ હતા તેમને મારવામાં આવ્યા એ ત્યારબાદ નવ કલાક સુધી જેલમાં પુરી રાખવામાં આવ્યા હતા.આ જેલ બારી વગરની હતી.જેમાં પ્રકાશ પણ આવી શકે તેમ નહોતો.કેટલાક દિવસો બાદ ૨૨ ડિસેમ્બરના રોજ ૬૦ મહિલાઓ કે જેઓ વાઈટ મુવમેન્ટમાં જોડાયેલ હતી કે જેઓ માનવ અધિકારો માટે વિરોધ કરતાં જેલમાં પુરવામાં આવ્યા હતા તેમને છોડાવવા માટે વિરોધ પ્રદર્શન કરી રહી હતી,તેઓની ધરપકડ કરવામાં આવી હતી.તેમજ તે મહિલાઓને માસમાં જવાની રજા આપવામાં આવી નહોતી.આમ ક્યુબન સત્તાવાળાઓ તરફથી દેશમાં ધાર્મિક સ્વાતંત્રતા મિટાવી દેવા પ્રયત્ન જારી છે.ધાર્મિક સંગઠનોના બેક એકાઉન્ટ સરકાર દ્વારા ફ્રીજ કરી દેવાયા છે.તેમજ ધાર્મિક સંગઠનોની મુલાકાતે આવનારા લોકોના વિઝા રદ કરી દેવાયા છે.કેટલાકમાં જેઓને પરદેશ જવું હોય તેવા કિસ્સાઓમાં વાઈટ કાર્ડ આપવામાં આવે છે.એપોલોસ્ટીક મુવમેન્ટા બે લીડરોને ૨૦૧૩માં તેમના પર ક્યુબા છોડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.અને તે માટે સરકારે કોઈ કારણો આપ્યા નથી.

મી. થોમસે જણાવ્યું કે ૨૦૧૪ની સ્થિતિ આનાથી પણ ગંભીર બની શકે તેમ છે.અમો એ બાબતે ચિંતિત છીએ કે સરકાર પોતાનું વર્ચસ્વ જાળવવા માટે ધાર્મિક ગ્રુપો પર વધુ દબાણ લાવશે અને ધાર્મિક સ્વાતંત્રતા ઉપર એકદમ કાપ મુકી દેશે.તેમાંય ખાસ કરીનો વા કાયદાઓ મુજબ તમામ ખ્રિસ્તી સંસ્થાઓ તેમજ ચર્ચોને એકજ બેંકમાં એકાઉન્ટ રાખવાના રહેશે જે સરકાર દ્વારા ચાલતી હોય.જેથી સરકાર વ્યક્તિગત ચર્ચના એકાઉન્ટ પણ ફ્રીજ કરી શકે.આમ તેઓ દબાણ ઉભુ કરવા માંગે છે.તેમજ ખ્રિસ્તીઓને હેરાન કરવા માંગે છે.આ એક ગંભીર ખતરો દેખાઈ રહ્યો છે.અમે ફરીથી એકવાર રાઉલ કાસ્ટ્રોને વિનંતી કરીએ છીએ કે ૨૦૧૪માં સરકાર ધાર્મિક સ્વાતંત્રતા માટે ખતરો ના બને તે દિશામાં નજર કરે.

મગર રંગોને ઓળખી શકવાની ક્ષમતા ધરાવતો નથી.
સરીસૃપ પ્રાણીઓમાં સાપ સૌથી બુધ્ધિશાળી હોય છે.
ઉંધઈનુ આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે.
ધોડાની ઉંમર તો દાંત ચકાસીને જાણી શકાય છે.
શ્વાનની પ્રજાતિઓમા ડોબરમેનની ગંધ પારખવાની ક્ષમતા સૌથી વધુ હોય છે.
મગરી દરિયા કિનારે રેતીમાં એકસાથે વીસ કે તેથી વધુ ઇંડા મુકે છે.
કેટલાંક કરોળીયા નદીની નજીક રહીને નાની માછલીઓનો શિકાર કરતા હોય છે.


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## નવા વર્ષની સંધ્યાએ ઇજીપ્તમાં ગોળીબારમાં ઘાયલ કોપ્ટનું મૃત્યુ



મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાઓ દ્વારા ખ્રિસ્તીઓને ગોળી મારી મારી નખાય છે અને ઘાયલ થયેલાઓને સારવાર આપવામાં આવતી નથી.આવી જ એક ઘટનામાં કોપ્ટીક ક્રિશ્ચિયનને ગોળી મારવામાં આવી હતી અને સારવારના અભાવે તેનું નવા વર્ષની સંધ્યાએ મૃત્યું થયું હતું.તેને માથામા ગોળી વાગી હતી અને કેરોની ત્રણ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવાયો હતો પરંતુ આ વ્યક્તિને અપુરતી સારવાર મળી પરિણામે તેનું મૃત્યુ થયું હતું. ઈબાહ ઘટીઆસ ૨૩, જેને માર ગીરગીસ સેંટ ચર્ચની બહાર ગોળી મારવામાં આવી હતી.આ ચર્ચ એઈન શામ્સ,કેરો વિસ્તારમાં આવેલ છે જ્યાં માસ પત્યા પછી આ કોપ્ટ ખ્રિસ્તી ઘેર જઈ રહ્યા હતા ત્યારે મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાએ ગોળી મારી હતી.

માસપીયરો યુથ યુનિયન,કોપ્ટીક એક્ટીવીસ્ટ ગ્રુપ છે તેમના જણાવ્યા પ્રમાણે મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાઓ ચર્ચની બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. ત્યારે ચર્ચમાંથી છુટેલ એક કોપ્ટીક ખ્રિસ્તીને આ ગ્રુપના કાર્યકર્તાએ ગોળી મારી હતી.આ એક્ટીવીસ્ટ ગ્રુપના જણાવ્યા પ્રમાણે ઘાયલને સારવાર અપાઈ નહોતી તેથી તેનું મૃત્યુ નિપજ્યું હતું.ધ જનરલ બિશપ ઓફ ધ કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચ, યુકે તરફથી ઈજીપ્શીયન ખ્રિસ્તીઓના માફી આપવાના મુદ્દે વખાણ કર્યા હતા.તેમણે કહ્યું હતું કે ઈજિપ્તના ખ્રિસ્તીઓએ તેમના બહિષ્કાર અને હિંસા સામે શાંતિ જાળવી છે.તેમણે વોશીગ્ટન ખાતે કોગ્રેસને સંબોધન કરતાં જણાવ્યું હતું કે સતાવણીની સીમાઓ ઓળગાઈ ગઈ છે અને દરેક નાગરિક સાથે એક સરખું વર્તન કરવામાં આવતું નથી.તેમણે ઈજીપ્તના દરેક નાગરિક સાથે એક સરખો વહેવાર થાય તેમ કરવા માટે જણાવ્યું હતું.નોર્થ આફ્રિકન દેશો પૈકીના ૨૨માં દેશ તરીકે ઓપન ડોર્સ વર્લ્ડ વોચ લિસ્ટે ઈજીપ્તના ૨૨મું સ્થાન આપ્યું છે. સતાવણી કરનારા દેશો તરીકે હવે તેની ઓળખ આપવામાં આવી છે.આ દેશમાં પોતાના ધર્મમાં આસ્થા માટે ૮૩ ખ્રિસ્તીઓએ ગત વર્ષે પોતાના જાન ગુમાવ્યા છે. પરંતુ હજુ આશા છે કે આ દેશમાં ફરીથી પરિસ્થિતિ સામાન્ય બનશે.પરંતુ બદલાયેલ પરિસ્થિતિ મુજબ મુસ્લીમ બ્રધરહુડ સંસ્થા અને તેના કાર્યકર્તાઓને ઈજીપ્તની સરકારે આતંકવાદીઓ તરીકે ઘોષિત કર્યા છે.

## પાકિસ્તાનમાં ફેડરલ શરીયત કોર્ટે ધર્મપરિવર્તનના ગુનામાં માત્ર મોતની સજા નક્કી કરી

ગત માસમાં ફેડરલ શરીયત કોર્ટે પાકિસ્તાનમાં ધર્મપરિવર્તનના કાયદાની સજામાં સુધારો કરીને આજીવન કારવાસને બદલે મોતની સજા જ રાખવાનું નક્કી કર્યુ હતું.આજીવન કારાવાસની સજા આ ગુનામાંથી રદ કરવામાં આવી હતી. પાકિસ્તાનની સરકારને કોર્ટે એક માસનો સમય આપ્યો છે કે તેઓ આ ઓર્ડરને બહાલ કરે જેથી આ નિર્ણયને કોઈ ચેલેન્જ કરી શકે નહી

નાસીર સઈદ,ડીરેક્ટર ઓફ કલાસ- યુકે જણાવ્યું હતું કે જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે તો તે શરીયા કાયદો બની જશે.જે અનેક વિવાદો ઉભા કરી શકશે.કારણકે ધર્મનિંદાના આરોપીઓનો કેસ શરીયા કોર્ટમાં જ ચાલે છે.આ અંગેનો અસલ કાયદો ૧૯૯૦માં બનાવવામાં આવ્યો હતો.સરકાર આ કાયદોનો અમલ કરવાનું ચુકી ગઈ તેથી ૨૩ વર્ષ બાદ ફરીથી આ કાયદાને અમલમાં લવાઈ રહ્યો છે.

જો કે આ એક જોગાનુજોગ ઘટના છે કે આ કાયદો નવાઝ શરીફના સત્તાકાળ દરમિયાન જ બનાવાયો છે.એક મહીનો વિતિ જવા આવ્યો છે સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. નાસીર સઈદે પરિસ્થિતિ બાબતે વધુમાં જણાવ્યું હતુ કે નોન મુસ્લીમોને કેટલાક ગંભીર બાબતોનો સામનો કરવો પડશે તેમજ ન્યાય માટે તેમને અત્યંત કઠણ પરિસ્થિતિમાંથી પસાર થવું પડશે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે તો.




અમો બધા જાણીએ છીએ કે આ ધર્મપરિવર્તનના કાયદાનો દુરપયોગ થઈ રહ્યો છે તેમજ પોતાના અંગત હિતોને ધ્યાનમાં રાખીને આ કાયદામાં નોન મુસ્લીમોને ફસાવવામાં આવે છે. પરંતુ આ નવા નિર્ણયને કારણે હવે આ કાયદાનું વજુદ ખુબ ઉંચુ બની જશે અને ધાર્મિક લઘુમતિઓ જે આ કાયદાનો શિકાર બનશે તેઓ તેનો બચાવ કરવાની સ્થિતિમાં નહી રહે,જો આ શરીયા કાયદા તરીકે અસ્તિત્વમાં આવશે તો.ઈસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા ઘણા લાંબા સમયથી માંગણી છે કે આ કાયદા હેઠળ શરીયા કોર્ટમાં કેસ ચલાવાય.મોટા ભાગના ઉલેમાઓ( ધ ઓલ પાકિસ્તાન ઉલેમા કાઉન્સીલ) જે એક મુસ્લીલ સંસ્થા પાકિસ્તાનમાં ચાલે છે જેના સભ્યો મુલ્લાઓ,મોલવીઓ અને ઈસ્લામનું ભણતા વિદ્યાર્થીઓ છે.તેઓ ધર્મનિદાને મોટુ પાપ ગણાવે છે.આ પૈકીના કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે ધર્મનિદાના આરોપસર કોઈ કેસ ચલાવવાની જરુર જ નથી.જે ગુનેગાર પકડાય તેને તાત્કાલિક સ્થળ ઉપર જ સજા આપી દેવાની. કે જે દરેક મુસ્લીમની ફરજ છે જેને પુરી કરવી જરુરી છે. આ પ્રકારની માન્યતા લઘુમતિઓના હિતમાં નથી.અને જો આ પ્રકારનો કાયદો અમલમાં આવશે તો લોકો પબ્લીક જસ્ટીસ કરશે પરિણામે હિંસાનું પ્રમાણ વધી જશે.

---

ઘુવડના સમુહને પાર્લિયામેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.
મચ્છરને ૪૭ દાંત હોય છે.
વ્હેલ માછલી ખોરાક વિના ત્રણ મહીના સુધી તરી શકે છે.
ઘેટાના જડબામાં ઉપરની તરફના દાંત હોતા નથી.
દરીયાઈ જીવોમાં કરચલા અને ઓક્ટોપસને સૌથી વધુ બુધ્ધિશાળી માનવામાં આવે છે.
અમેરીકામાં ડીનકાજાઉ નામનું પક્ષી વૃક્ષની ડાળી પર ઉંધુ લટકે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.